સે-૮માં સમી સાંજે મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

બાઈક પર આવેલા ચેઈન સ્નેચરોએ એકટીવા સવાર મહિલાનો સોનાનો દોરો ગળામાંથી ખેંચ્યો પરંતુ હાથમાં માત્ર ટુકડો જ આવ્યો

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૮ ખાતે આવેલ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર પાસે સમી સાંજે એકટીવા લઈ સાર થતા દંપતિની પાછળથી બાઈક લઈ આવેલા બે ચેઈન સ્નેચરોએ એકટીવા પર પાછળ સવાર મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચતા ભારે ચકચાર મચી જવા પામી હતી અને આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા. જયારે ચેઈન સ્નેચરો નાસી છૂટવામાં સફળ રહ્યા હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગુનાઓના પ્રમાણનો ગ્રાફ વધવા પામ્યો છે. આતંરે દિવસે ઘરફોડ, વાહનચોરી, છેતરપીંડી, લૂંટ, ચેઈન સ્નેચીંગ, મારા મારી સહિતના ગુનાઓ પોલીસ ચોંપડે નોંધાઈ રહ્યા છે ત્યારે હાલ શહેરમાં ચેઈન સ્નેચરો સક્રીય બન્યા છે અને એકલ દુકલ ચાલતા જતા કે વાહન લઈ પસાર થતા વૃધ્ધોને નિશાન બનાવે છે. આવો જ વધુ એક કિસ્સો શહેરના સેકટર-૮ ખાતે બનવા પામ્યો હતો. સેકટર-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેની આગળથી સેકટરમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ આવેલો છે. જે માર્ગ પર આજે સાંજના સુમારે એક દંપતિ પોતાના એકટીવા પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પાછળથી બાઈક લઈને આવેલા ચેઈન સ્નેચરોએ એકટીવા પર સવાર મહિલાના ગળામાંથી સોનાનો દોરો તોડયો હતો. પરંતુ મહિલાનું ધ્યાન જતા મહિલાએ સોનાનો દોરો પકડી રાખતા ચેઈન સ્નચેરના હાથમાં સોનાના દોરાનો માત્ર ટુકડો જ હાથ લાગ્યો હતો. જે લઈ બાઈક પર પુરપાટ ઝડપે પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે દંપત્તિએ બુમાબુમ કરતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા. પરંતુ કંઈ થાય તે પહેલા જ ચેઈન સ્નેચરો ભાગવામાં સફળ થયા હતા. મોડી સાંજે સેકટર-૮માં ચેઈન સ્નેચીંગ મામલે કોઈ પોલીસ ફરિયાદ થવા પામી ન હતી.

સે. ૧૭ ઘ-ટાઈપના મકાનમાં અચાનક આગ લાગી

આગ લાગતા ઘરની કિંમતી ઘરવખરી બળીને ખાખ સદ્દનસીબે કોઈ જાનહાની થઈ ન હતી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે સરકારી દવાખાના પાસે આવેલ ઘ-ટાઈપના એક મકાનમાં અચાનક જ આગ ભભુકી ઉઠતા ઘરમાં દોડધામ મચી જવા પામી હતી. બાદમાં ફાયરબ્રિગેડની ટીમે દોડી આવી તુરંત પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ સરકારી દવાખાના નજીક બ્લોક નં. ૧૭૯/૩ માં સવારે ૧૧.૪૫ કલાકના સુમારે ઘરમાં અચાનક આગ ભભુકી ઉઠઈ હતી જેથી ઘરમાં રહેલા ગાદલા અને ડબલબેડ સહિત રસોડાનો સામાન બળી ગયો હતો. આ આગની જ્વાળાઓ વધુ ખતરનાક બનતા પરિવારજનો ઘરની બહાર દોડી આવ્યા હતા અને તુરંત ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેથી તાબડતોડ ફાયરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો અને અડધો કલાકની જહેમત બાદ સંપૂર્ણ આગ પર કાબુ મેળવ્યો હતો.

જો કે અંદાજે ઘરની અડધો અડધ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આ આગની પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને લીધે આગ ભભુકી હોવાનું માલુમ થયું હતું.

ગેઝીયા ખાતે સભ્યોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગેજીયાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું અને આગામી કાર્યક્રમોના આયોજન માટે ચર્ચા-વિચારણા કરી હતી. (તસવીર : દિપક જાની)

ડભોડા પોલીસે રેડ પાડતા પ્રાંતિયા ગામે જુગાર રમતા ચાર શકુનીઓને ઝડપી લીધા

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામની સીમમાં પાના-પત્તાનો જુગાર રમતા ચાર જુગારીઓને ડભોડા પોલીસે ઝડપી લીધા હતા. તેમની વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી ચારેય આરોપીઓ પાસેથી ૧૫૧૦રૂ.ની રકમ જપ્ત કરી ધરપકડ કરવામાં આવી હતી.

ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.બી. વાઘેલા અને સ્ટાફે પ્રાંતિયા ગામમાં જુગાર ખેલાતો હોવાની બાતમીના આધારે રેડ પાડી હતી ત્યારે જુગાર રમતા ચાર જુગારીઓમાં શિહોલી મોટી ગામનો જીગર કે. જોષી તથા પ્રાંતિયા ગામના રહે. શૈલેષ બી. ઠાકોર, લાલજી એમ. સોલંકી, દશરથજી જી. ઠાકોર ત્રણેયને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ૧૫૧૦રૂ. રોકડા જપ્ત કરીને ચારેય જુગારીઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કરિયાણાની દુકાનથી હવે રૂ.૧૦૦૦ સુધીની રકમ ઉપાડી શકાશે

સ્ટેટ બેન્ક કરિયાણાની દુકાન સહિત વિવિધ દુકાનો પર પીઓએસ ટર્મિનલ ખોલશે

ગાંધીનગર, તા. ૨૮

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ૧૪ કરોડ ડેબિટ કાર્ડ ધારકો હવે એટીએમ ઉપરાંત એક નવી ચેનલ દ્વારા પૈસા ઉપાડી શકશે. એસબીઆઈએ એક અનોખી પહેલ કરી પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ) ટર્મિનલ શરૂ કરવાનું નક્કી કર્યું છે. આ પીઓએસ કરિયાણાની દુકાનો પર શરૂ કરાશે.

કોઈપણ દુકાન કે ટ્રેડરને ત્યાંથી આ પીઓએસ ટર્મિનલ દ્વારા રૂ. ૧૦૦૦ સુધીની રકમ ઉપાડવાની સુવિધા કરવામાં આવી છે. આ પ્રકારના ઉપાડ માટે ગ્રાહકે રૂ. ૭.૫૦ની ફી ચૂકવવી પડશે. જેમાંથી કેટલોક ભાગ સંબંધિત દુકાનદારને ચૂકવવામાં આવશે. ગ્રાહકની દૃષ્ટિએ આ એક વેલ્યુએડેડ ડેબિટ કાર્ડ સુવિધા ઉપલબ્ધ બનશે. કરિયાણાની દુકાન સહિત ઘણા બધા દુકાનદારો હવે પીઓએસ મશીન ઓપરેટ કરશે. જ્યારે દુકાનદારને પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂ. પની આવક થશે. મોટાભાગના દુકાનદારોને હાયર કેશ ફ્લો હોવાથી તેમણે પોતાની રોકડ રકમ આ સિસ્ટમમાં જમા કરાવવા માટે તૈયારી દર્શાવી છે. જેથી તેને ફરીથી બેન્કમાં જમા કરાવવાની જરૂરીયાત ઓછી થશે એવું એસબીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું. બેન્કની દૃષ્ટિએ આ સુવિધા શરૂ કરવાથી નાની રકમ ઉપાડવા માટે એટીએમ પર દબાણ ઓછુ થશે. કારણ કે એટીએમ સુધી જવાને બદલે પોતાની નજીકની કરિયાણાની દુકાનેથી પૈસા ઉપાડવાનું લોકો વધુ પસંદ કરશે.

પૈસા ઉપાડ માટે પીઓએસ ટર્મિનલ ખોલવાનો વિચાર થોડા વર્ષો પહેલાં રિઝર્વ બેન્કે વહેતો કર્યો હતો. આ વિચારની હવે સ્વીકૃતિ શક્ય બની છે. આઈસીઆઈસીઆઈ બેન્ક, એચડીએફસી બેન્ક અને એક્સિસ બેન્ક ખાનગી ક્ષેત્રોમાં પીઓએસ ટર્મિનલના સૌથી મોટા પ્રોવાઈડર છે. જ્યારે એક લાખ ટર્મિનલ સાથે એસબીઆઈ જાહેર ક્ષેત્રોની બેન્કોમાં સૌથી અગ્રેસર છે. સમગ્ર બેન્કિંગ સિસ્ટમના ૧૦.૫ લાખ ટર્મિનલ છે અને આ સંખ્યા હજુ વધી રહી છે. આ સંદર્ભમાં પૈસા ઉપાડવા માટેની આ નવી સુવિધા ગ્રાહકોને વધુ પસંદ પડશે.

રિવોલ્વરની સાથે લબર મુછીયો તરૂણ ઝડપાયો

અમદાવાદ, તા.૨૮

શહેરના ગુનાખોરીના પ્રમાણને ઘટાડવા તેમજ ઉકેલવા માટે પોલીસ અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે શહેરના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે બાતમી મળી હતી કે એક ઈસમ કળાકલરના થેલામાં રિવોલ્વર અને કારતુસ લઈ ખાનપુર પોસ્ટ ઓફિસ તરફથી ચાલતો આવી દીનભાઈ ટાવર થઈ લાલ દરવાજા તરફ વેચવા માટે જવાનો છે. તે હકીકતના આધારે પોલીસે વોચ ગોઠવીને અજમતઉલ્લા અમાનુલ્લાખાન પઠાણ (ઉ.૨૧)ને ઊીહ્લઁ્ર અર્જ્ઞ ન્ઁ. બ્રાન્ડની રિવોલ્વર અને પાચ કારતુસ સાથે પકડી પાડયો છે. પકડાયેલ શખ્સ અન્ય ગુનામાં કે ખંડણીમાં સંડોવાયેલ છે કે તે અંગે આરોપીના રીમાન્ડ મેળવી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સઘન તપાસ કરી રહી છે.

ખડાયતા સમાજ કારોબારીની વરણી

ગાંધીનગર, તા. ૨૮

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગરનો વર્ષ ૨૦૧૩નો કોટિયર્ક પ્રભુનો ઓચ્છવ તા. ૧૪ નવેમ્બરના રોજ લગ્નવાડી સે. ૨૩ ખાતે યોજાયો. આ પ્રસંગે સમાજના ૫૨૫ જેટલા વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ના સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ ડી.એફ. શાહ, ઉપપ્રમુખ સંજય એમ. શાહ, જીતેન્દ્ર શાહ, મંત્રી હર્ષદભાઈ ગાંધી, ખજાનચી બી. જે. શાહ, સહમંત્રી રસીકભાઈ ગાંધી, સંગઠન મંત્રી મનીષ શાહ, રમતગમત મંત્રી મનોજ સરૈયા, સલાહકાર એમ. એમ. શાહ, મહિલા પ્રતિનિધિ ફાલ્ગુનીબેન ગાંધી અને બેલાબેન શાહ તેમજ કારોબારી સભ્ય તરીકે મહેન્દ્ર શાહ, અતુલભાઈ લાઘાવાળા અને ભુપેશભાઈ શાહની વરણી કરવામાં આવી હતી.

વીસમી સાલગીરી અષ્ટાપદ પૂજા

ગાંધીનગર, તા. ૨૮

સે. ૭ ખાતે અષ્ટાપદના સિંહાસન સહીત ચોવીસ તીર્થંકર પ્રભુજીની ઘર દેરાસરમાં વીસમી સાલગીરી અષ્ટાપદ પૂજા તા. ૧ ડિસેમ્બર રવિવાર, સવારે ૯ કલાકે કરવામાં આવશે. જેમાં તપોવનના કુલપતિ લલીતભાઈ ધામી પૂજા ભણાવશે. જેમાં સાબરમતી સંગીત મંડળ સાથે રહેશે. આ પ્રસંગે પૂ. આચાર્ય ભગવંતશ્રી અમૃતસાગર સૂરીશ્વરજી મ.સા. અને હેમચંદ્ર સાગર મ.સા. નીશ્રા આપશે.

ચિલોડા સેવા સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટી સમરસ બની

ચિલોડા, તા.૨૮

ગાંધીનગર શહેરની પાસે આવેલ ચિલોડા ખાતે ધી ચિલોડા સેવા સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ સભ્યોની પુનઃ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પટેલ જગદીશભાઈ બાબુભાઈ, પટેલ જયંતિભાઈ હરગોવિંદદાસ, પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ, પટેલ શકરાભાઈ ફકીરભાઈ, પટેલ ધનજીભાઈ રેવનદાસ, પટેલ વિનોચંદ્ર બાબુભાઈ, પટેલ અજીતભાઈ કેશાભાઈ, પટેલ અંબાલાલ રામદાસ, ઠાકોર ઉમેદજી આતાજી, ઠાકોર ડાહ્યાજી બબાજી તેમજ સોલંકી જયંતિભાઈ ભનાભાઈની વરણી કરાઈ હતી.

સે-૩૦ ડમ્પીંગ સ્ટેશન નજીક પાણી ભરેલા ખાડામાં ખાબકેલી ગાયનો જીવ બચાવાયો

ફાયરની ટીમે ૨ કલાકની જહેમત બાદ ગાયને પાણીમાંથી જીવતા બહાર કાઢી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે સ્મશાન ગૃહ (મુકિતધામ) પાછળના ભાગે ડમ્પીંગ સ્ટેશન આવેલું છે. જયાં નદીના પટમાં પાણી ભરેલા મોટા ખાડામાં અચાનક જ ગાય ખાબકી હતી જેને ૨ કલાકની લાંબી જહેમત બાદ ગાંધીનગર ફાયર બ્રિગેડે સહી સલામત બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે સાબરમતી નદીના કિનારે મુકિતધામ આવેલું છે. જેના પાછળના ભાગમાં ડમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. જયાં ગાંધીનગર શહેરનો તમામ કચરો ઠાલવવામાં આવે છે. નદીના પટમાં અનેક ઠેકાણે માટીનું ખોદકામ કરી ત્યાં મોટા મોટા ખાડા કરી માટી કાઢવામાં આવે છે. પરિણામે અનેક સ્થળે ખાડામાં પાણી ભરાઈ જવા પામ્યા છે. જયાં આસપાસ અનેક પશુઓએ પણ ફરતા હોય છે. દરમિયાન આજે આ પાણી ભરેલા ખાડામાં એક ગાય અચાનક પડી ગઈ હતી જયાં કોઈક રાહદારીની નજર પડતા તેને તુરંત ગાંધીનગર ફાયર બિગેડને જાણ કરવામાં આવી હતી. આથી અબીબભાઈ, નરેશભાઈ, મહેન્દ્રભાઈ સહિતના ફાયરબ્રિગેડના કર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આશરે બે કલાકની લાંબી મહેનત બાદ ગાયને સહી સલામત બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો.

સેકટર-૧૩ ખાતે આવેલ આદર્શ નિવાસી અ. જા. કન્યા શાળામાં આનંદમેળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.

યુવા મહિલા મતદારોની જાગૃત્તિ અર્થે ૧ લી ડિસેમ્બરે ગાંધીનગરમાં સાયકલ રેલી અને કેન્ડલ માર્ચ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

મતદાર યાદીમાં યુવા તેમજ મહિલા મતદારોના નામ વધુમાં વધુ નોંધાય તે માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી તા. ૧ લી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી ગુજરાત વિદ્યાનસભા સામેના ડી. બાબા સાહેબ આંબેડકરની -તિમા નજીકથી સવારના ૮.૦૦ કલાકે -સ્થાન થશે. આ રેલીમાં ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા યુવા મતદારો અને મહિલા મતદારો જોડાશે. રેલી ગાંધીનગરના મુખ્ય માર્ગો પર બે રૂટમાં ફરશે. રેલીમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકો વચ્ચે ડ્રો યોજીને ૨૨ સાયકલો ઈનામ સ્વરૂપે વિજેતા સ્પર્ધકને આપવામાં આવશે. આ દિને સાંજના સુમારે મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે કેન્ડલ માર્ચ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રૂટ નંબર - ૧ની રેલી વિદ્યાનસભા, ચ-૩, ચ-૨, ઘ-૨, ગ-૨, સેકટર- ૧૨ની માધ્યમિક શાળા, મહાત્મા મંદિર થઈ ટાઉન હોલ ખાતે પરત ફરશે. તેમજ રૂટ નંબર-૨ની રેલી વિદ્યાનસભા, ચ-૫, ચ-૬, ઘ- રોડ, સેકટર-૨૪, સેકટર-૨૪ ચોકડી, સરકારી આર્ટસ કોલેજ, સેકટર-૧૫ થઈ ટાઉન હોલ પરત ફરશે. ૧લી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સાંજના સુમારે યોજાનાર કેન્ડલ માર્ચ રેલી ઘ-૪ સર્કલ, મહાત્મા મંદિર થઈ ઘ-૪ સર્કલ ગાર્ડન પાસે પરત આવશે. કેન્ડલ માર્ચ પાસ્ટમાં ૫૦૦થી વધુ લોકો જોડાશે.

નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચો, સંગીત સ્પર્ધા, સંગીત ખુરશી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ કે.ટી. બેંકર, ઉપપ્રમુખ ડી.એમ. પરમાર, કિર્તિકુમાર ડાભી સહિત સમાજના જ્ઞાતિ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કિર્તી ડાભીને અનુસૂચિત જાતિ મોરચાના સભ્ય નિમવાથી સમાજે મુખ્યમંત્રી અને આર.સી. ફળદુનો આભાર વ્યક્ત કર્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૧.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૫૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્ક્રીન-૨ :

બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :

રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ, કલોલ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે. મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર-વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. જવાનજી ધૂળાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. પ્રતાપનગર, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. શિવાજી રાવતાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો.રિન્દ્રોલ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. કનુબેન નાનજીભાઈ મકવાણા (ઉ.વ. ૬૫) ખાટવાસ મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીલાલ બકોરદાસ રાવલ (ઉ.વ. ૮૦) મુ.પો. ગિયોડ, તા., જિ. ગાંધીનગર.